| |
|---|
| ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, છારોડી, અમદાવાદ. |
| વિભાગનું નામ: એસ્ટેટ વિભાગ |
| કામગીરીનું નામ: માટી પુરાણની કામગીરીના ભાવ આપવા બાબત. |

## PART: 1

| | **Name of work: Providing and laying filling of Murrum and kamp.** | | | | |
|---|---|---|---|---|---|
| No. | Item | Qty. | Unit | Rate per unit | Amount |
| 1 | Filling foundation and plinth with murrum or selected soil in layers of 20cm.thickness including levelling,watering, ramming and consolidation etc. complete. | 660 | CMT | | |
| 2 | Filling Garden with kamp with including levelling, watering, ramming and consolidation etc. complete. | 200 | CMT | | |
| | | **Total Amount** | | | |

શરતો:

1. ભાવ ભરનારે એ વાત સમજી લેવાની રહેશે કે તેણે ટાંકેલા દર પુરાં થયેલા કામ માટેના છે અને તેમાં મશીનરી, મજુરી, દેખરેખ, સર્વિસ-કામગીરી, રોયલ્ટી, ઓકટ્રોય વગેરે અંશે તમામ ખર્ચનો તથા જરૂરી જણાય તો અને ત્યારે રાતપાળીના કામને આવરી લેવા બધાજ વધારાના ખર્ચનો સમાવેશ થશે અંતે ટાંકેલા ભાવ કે દર કરતા વધારાની કોઇ ચુકવણી અંગેના તેમના કોઇ દાવા ધ્યાનમાં લેવાશે નહી અને ભાવ ભરનાર ખોટી રજુઆતને કારણે અથવા કોઇ વ્યક્તિએ તેમને આપેલી માહિતીના આધારે પાછળથી કોઇ દાવા રજુ કરવા હકદાર રહેશે નહી. તેમનું ભાવ ભરવા તથા તેમાં જુદા-જુદા ભાવ અને દર ભરવા માટે જરૂરી એવી તમામ માહિતી પોતાના પક્ષે ન મેળવી શકવાને કારણે પોતે ભાવ રજુ કરવાને લીધે અથવા તેમાથી ઉભા થતા કોઇ જોખમ કે જવાબદારીઓમાંથી છટકી શકશે નહી.
2. ભાવ ભરનારે ફાયનાન્સીયલ બીડમાં ભરેલા ભાવ ટકા આંકડા તે શબ્દોમાં જણાવવા, દરેક બાબત માટેની રકમ ગણી કાઢવી અને જરૂરી સરવાળા, ભાવ, ટકા આંકડા તેમજ શબ્દોમાં બંનેમાં લખવા અને રકમ ફકત આંકડામાં એવી રીતે લખવી કે પાછળથી તેમાં કોઇ ફેરફાર કરી શકાય નહી એ બાબતની ખાસ કાળજી રહેશે. કુલ રકમ આંકડામાં અને શબ્દોમાં બંનેમાં લખવાની રહેશે.
3. જે પાર્ટીએ આ કામ માટે ભાવ ભર્યુ/ભરવાના હોય એણે/એમણે એજ કામ માટેના ફાયનાન્સીયલ બીડમાં સાક્ષી તરીકે સહી કરવી નહી. આ શરતનું પાલન ન થાય તો ભાવ ભરનાર તેમજ સાક્ષી થનારનાં ભાવ રદ કરી શકશે.
4. માટી પુરાણની કામગીરી માટે ભરેલ ભાવ મશીનરી, માલસામાન, મજુરી સાથે જરૂરીયાત પ્રમાણે ભાડા સાથેના આપવાના રહેશે.
5. માટી પુરાણની કામગીરી દરમ્યાન પાર્ટીના માણસોએ હાજર રહેવાનુ રહેશે. તેમજ કામગીરીમાં આવશ્યકતા અનુસાર કોઈ ફેરફાર કરવાના થાય તો યુનિવર્સિટીની સુચના મુજબ જરૂરીયાત પ્રમાણે ત્વરીત ફેરફાર કરી આપવાના રહેશે. આ કામગીરી મંજુર થયેલ ફાયનાન્સીયલ બીડના ભાવ તથા શરતો અનુસાર કરવાની રહેશે.
6. ભાવ ભરનાર પાર્ટી દ્વારા સેવાઓ પૂરી પાડતા તેઓ કે તેઓના સ્ટાફ દ્વારા યુનિવર્સિટીની માલ–મિલ્કતને કોઈપણ પ્રકારના નુકશાન ન થાય તેની તકેદારી રાખવાની રહેશે અને જો કોઈપણ પ્રકારે યુનિવર્સિટીની માલ-મિલકતને નુકશાન થયેલ માલૂમ પડશે તો તેની ભરપાઈ પાર્ટી પાસેથી કરવામાં આવશે.
7. આગ-લાગવી, શોર્ટ-સર્કિટ થવો, અકસ્માત કે બેદરકારીને કારણે ઉદભવતી પરિસ્થિતિ નુકશાન (ભૌતિક/શારિરીક) માટે સંપૂર્ણ જવાબદારી પાર્ટીની રહેશે.
8. ભાવ ભરનાર પાર્ટી દ્વારા ફાઇનાન્સિયલ બીડમાં દર્શાવેલ તમામ સેવાઓ સામેના ભાવ મશીનરી, માલસામાન, મજુરી સાથે જરૂરિયાત પ્રમાણે ભાડા સાથેના આપવા ફરજીયાત છે.
9. ભાવ ભરનાર પાર્ટી પોતે માલિકી/ભાગીદારી પેઢી/ પ્રાઈવેટ લીમીટેડ કંપનીએ તેઓના માલિકના/તમામ ભાગીદારોના નામ, સરનામાં, કચેરી તેમજ રહેઠાણના સરનામાં, સંપર્ક નંબરો (મોબાઈલ અને લેન્ડ લાઈન ફોન નંબર અને ઇ-મેઇલ) સાથેની વિગત તેઓના લેટરહેડ ઉપર અચૂક આપવાના રહેશે.

10. <u>પાર્ટી દ્વારા ભરવામાં આવેલ ભાવ એક વર્ષના રહેશે. જેથી મુદત લંબાવ્યાના સમયગાળા દરમ્યાન કોઈપણ ભાવવધારો મળવાપાત્ર રહેશે નહી.</u>
11. પાર્ટી દ્વારા ભરવામાં આવેલ ભાવ તમામ ટેકસ સાથેના તથા સેવાઓ યુનિવર્સિટી મુખ્ય મથક અથવા યુનિવર્સિટી જણાવે તે સ્થળ સુધી પહોંચતા કરવા સાથેના ભરવાના રહેશે. અન્ય કોઈપણ પ્રકારનું ચુકવણું કરવામાં આવશે નહિ.
12. પાર્ટી આનુષાંગિક સેવાઓ પૂરી પાડવા સામે કોઈપણ પ્રકારની એડવાન્સ રકમ ચૂકવવામાં આવશે નહિ.
13. પાર્ટીએ ચૂકવણાંના બીલો ''કુલસચિવશ્રી, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી''ના નામજોગ બનાવી સેવા પુરી પાડ્યાનાં દિનઃ15માં રજૂ કરવાના રહેશે. બીલના ચૂકવણામાંથી સરકારશ્રીના ધારા–ધોરણ મુજબ Tax કપાત કરવામાં આવશે.
14. ભાવ ભરનારની સામાન્ય શરતો, નિયમો અર્થઘટન કે વિવાદાસ્પદ પરિસ્થિતિમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

ભાવ ભરનાર પાર્ટીનું નામ : ......................................

સહી સને સિકકા : ......................................

તારીખ : ......................................